ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



અશોકસિંહ ટી પરમાર
ટ્રસ્ટી, શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ, ગાંધીનગર



જી એસ આચાર્ય
હેન્ડબોલ કોચ, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા



નંદુભાઈ કેશવલાલ પટેલ



પ્રતાપસિંહ સોલંકી
મો. ૯૦૫૪૦ ૭૯૫૧૮



શર્મિષ્ઠા મેવાડા
મો. ૯૬૬૨૩ ૪૫૩૯૩



પ્રતિભાબેન બી જાની
સહમંત્રી, સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ



શોભનાબેન રમેશભાઈ પ્રજાપતિ
મો. ૯૯૦૪૩ ૫૪૫૫૬



અભિષેક રાજેશકુમાર સોની



શ્રેયા હિમાંશુ શાહ
મો. ૮૧૪૧૦ ૨૯૪૯૧



ગુંજલ અનિલકુમાર
મો. ૯૯૨૪૪ ૦૮૮૬૭

### સોજા હાઈસ્કૂલના ઉપક્રમે

# ડૉ. ભીમરાવ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ ઉજવાઈ



ગાંધીનગર, તા. ૧૪

કલોલ તાલુકાની લબ્ધ પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા "શેઠ એચ. એમ. સાર્વજનિક હાઈસ્કૂલ, સોજા"ના ઉપક્રમે આજ રોજ બંધારણના ઘડવૈયા ડૉ. ભીમરાવ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

શાળાના પૂર્વ પ્રાથમિક, ઉચ્ચતર પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના અધ્યેતા ભાઈ-બહેનો, તમામ સારસ્વત મિત્રો અને બિનશૈક્ષણિક સ્ટાફ મિત્રો દ્વારા વહેલી સવારે પ્રભાતફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોને સફાઈ કામ કરાવી સ્વચ્છતાના પાઠ શીખવવામાં આવ્યા હતા.

ભારતીય બંધારણમાં ડૉ. ભીમરાવ આંબેડકરનું યોગદાન તથા તેમના જીવનચરિત્રને આવરી લેતાં વિવિધ વિષયો પરત્વે નિબંધ લેખન સ્પર્ધા , ચિત્ર સ્પર્ધા અને વક્તૃત્વ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ગામના દલિત સમાજના વડીલશ્રીઓ અને વરિષ્ઠ નાગરિકોના વરદ હસ્તે સ્વ. ડૉ. આંબેડકરની છબીને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ભારતીય સંવિધાન કે બંધારણના ઘડતરમાં ડૉ. ભીમરાવ આંબેડકરના યોગદાન બાબતે જાહેર વિચાર - વિમર્શ, જૂથચર્ચા અને વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતીય બંધારણના આમુખનું જાહેર વાંચન શાળાના શિક્ષકશ્રી ગણપતભાઈ ગોહિલ દ્વારા કરવામાં આવ્યું હતું. "ડૉ. ભીમરાવ આંબેડકર-આધુનિક ભારતના નિર્માતા" પુસ્તકનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. એકંદરે સમગ્ર કાર્યક્રમ ખૂબ જ સુંદર, સુચારુ, સુવ્યવસ્થિત, અભિપ્રેરક, અનુકરણીય, પ્રશંસનીય બની રહ્યો હતો એમ એક અખબારી યાદીમાં શાળાના શિક્ષકશ્રી રાકેશ પ્રજાપતિ જણાવે છે.

# ચિલોડા ખાતે ડૉ. આંબેડકરની જન્મજયંતિની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા. ૧૪

ચિલોડા પ્રાથમિક શાળા તથા ગ્રામ પંચાયત ખાતે ગ્રામ ઉદયથી ભારત ઉદય અંતર્ગત સામાજિક સમરસતા દિવસની ઉજવણી અન્વયે ડૉ. બાબાસાહેબની સવાસોમી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે શ્રદ્ધાસુમન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પ્રાથમિક શાળાના પ્રાંગણમાં મુખ્ય મહેમાન એમ એસ ભોયા, કાર્યપાલક ઈજનેર, જિલ્લા પંચાયત, સરપંચ સવાજી ઠાકોર, એસએમસીના અધ્યક્ષ તખુજી ઠાકોર, સંજયજી ઠાકોર, શાળા પરિવાર તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્ય હર્ષદભાઈ પટેલે સ્વાગત પ્રવચન કરી ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી શ્રધ્ધાસુમન અર્પણ કર્યાં હતાં. શિક્ષક મહેન્દ્રભાઈ પટેલે આમુખનું તથા સામાજિક સમરસતા પ્રતિજ્ઞાનું વાચન પ્રજ્ઞાબેન મોદીએ કર્યું હતું. આ પ્રસંગે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. નટુભાઈ પટેલે ડૉ. આંબેડકરના જીવન કવનને લગતું પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. અંતે, મંજુલાબેન પટેલે આભાર દર્શન કર્યું હતું. ત્યારબાદ ગ્રામ પંચાયતના પટાંગણમાં સરપંચની ઉપસ્થિતિમાં હોમગાર્ડ્સ જવાનો દ્વારા બાબાસાહેબની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
ફેન
૬.૧૫, ૯.૩૦

**સ્ક્રીન-૨**
ફેન
૧૨.૩૦, ૩.૩૦, ૭.૧૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ફેન
૨.૩૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૩**
જંગલ બૂક (૩ડી હિન્દી)
૧૨.૧૫, ૮.૦૦
જંગલ બૂક (૩ડી અંગ્રેજી)
૫.૪૫

**સ્ક્રીન-૪**
કિ એન્ડ કા
૭.૦૦
ફેન
૧૦.૦૦, ૧.૧૫, ૪.૧૫, ૯.૧૫

**સ્ક્રીન-૫**
ફેન
૧૧.૦૦, ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૬**
ફેન
૮.૦૦
કિ એન્ડ કા
સવારે ૧૦.૦૦

# રાંધેજા પગાર કેન્દ્ર શાળા ખાતે ડૉ. આંબેડકરની જન્મજયંતિ ઉજવાઈ



ગાંધીનગર, તા. ૧૪

રાંધેજા પગાર કેન્દ્ર શાળા ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકરની સવાસોમી જન્મજયંતિની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી.

ડૉ. આંબેડકરના જીવન વૃતાંતને દર્શાવતાં પોસ્ટર્સ અને તેમના વિચારો ગામમાં રેલી દ્વારા પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ આ પ્રસંગે ઉપસ્થિત રહેલા ટીડીઓ, સરપંચ, ઉપસરપંચ, તલાટી, પંચાયતના સભ્યો, એસએમસીના સભ્યો, બહોળી સંખ્યામાં ઉપસ્થિત ગ્રામજનો તથા બાળકો સમક્ષ કન્યા શાળાની બાળાઓએ અભિનય સાથે પ્રાર્થના તથા સ્વાગત ગીત રજૂ કર્યું હતું.

પિન્કી નામની એક બાળાએ સૌને સામાજિક સમરસતાના સોગંદ લેવડાવ્યા, ત્યારબાદ કુમુદબેને આમુખનું વાચન કર્યું. વક્તૃત્વ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ડૉ. બાબાસાહેબ આંબેડકરના જીવન વૃતાંત વિશે સુંદર રજૂઆત કરી. રાંધેજા કુમાર શાળાના વિદ્યાર્થી રણજિત ઠાકોરે દેશભક્તિ ગીત રજૂ કર્યું હતું.

## બ્રહ્મસમાજનો બે દિવસીય જીવનસાથી પસંદગી મેળો ૧૬ એપ્રિલથી સોલા ભાગવત ખાતે

ગાંધીનગર, તા. ૧૪

બ્રહ્મસમાજનો બે દિવસીય જીવનસાથી પસંદગી મેળો તા. ૧૬ અને ૧૭ એપ્રિલના રોજ સોલા ભાગવત વિદ્યાપીઠ, એસજી રોડ, અમદાવાદ ખાતે યોજાઈ રહ્યો છે. આ મેળા માટે નામ ન નોંધાવ્યા હોય તેવા યુવક-યુવતિઓ સવારે ૮ કલાકથી સ્પૉટ રજિસ્ટ્રેશન પણ કરાવી શકે છે, એમ જણાવતાં પરશુરામ ફાઉન્ડેશનના સંયોજક વિપુલ ઠાકર દ્વારા જણાવવામાં આવ્યું છે કે તા. ૧૮-૧૯ એપ્રિલના રોજ સાંજે ૬.૩૦થી ૭.૩૦ દરમ્યાન બ્રહ્મસંમેલન અને રવિવારે ૮થી ૧૦ દરમ્યાન ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. નિરંજન પંડ્યા, જીતુભાઈ દ્વારકાવાળા અને ગંભીરદાન ગઢવી આ ડાયરામાં લોકસાહિત્યની રસલ્હાણ કરાવશે.

સૌ ધર્મપ્રેમી જનતાને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા ફાઉન્ડેશન તરફથી નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# હરે કૃષ્ણ મંદિર-ભાડજ ખાતે રામનવમી મહોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૪

હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે શુક્રવારે રામનવમી મહોત્સવની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે.

હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે સાંજના ૬.૦૦ વાગ્યાથી ઉત્સવની શરૂઆત થશે. શ્રી રામનવમી ઉત્સવ એ હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે ઉજવાતા ઉત્સવમાંનો એક મુખ્ય ઉત્સવ છે. ભકતો આખા દિવસ દરમ્યાન ઉપવાસ રાખે છે અને તેમના પવિત્ર નામનું રટણ અથવા તો રામાયણ સાંભળીને ભગવાન શ્રીરામનું સ્મરણ કરે છે. ભકતો સંધ્યાકાળે ઉપવાસનુ વ્રત પુરું કરે છે. આ ઉત્સવ દરમ્યાન હરે કૃષ્ણ મંદિર, ભાડજમાં ભગવાન શ્રી શ્રી રાધા માધવના શ્રીવિગ્રહોને ખાસ અંલકારથી શણગારવામાં આવશે. ઉત્સવના વિશેષ ભાગરૂપે મંદિરમાં અતિસુંદર પુષ્પોથી સુશોભિત ભવ્ય રામ દરબારનું નિર્માણ કરવામાં આવશે. સર્વોપરી શ્રી શ્રી રાધા માધવને ભવ્ય પાલકીમાં મંદિર પરિસરમાં વિહાર કરાવવામાં આવશે જયારે ભકતો ભગવાન શ્રીરામના પવિત્ર નામનું ગાન કરતા સંકિર્તન ગાઈને જોડાશે. ત્યાર બાદ ભક્તો "શ્રી રામ અષ્ટોત્તર શત્નામ"નો મંત્રઘોષ કરતા "શ્રી રામ તારક યજ્ઞ" કરશે. યજ્ઞ પછી, મહામંગલા આરતી ઉતારવામાં આવશે. "શ્રી નામ રામાયણ" જેમાં સંપૂર્ણ રામાયણને ગીતરૂપે નિરૂપાવામાં આવી છે તેનું ભક્તો ગાન કરશે. હરે કૃષ્ણ મંદિર દ્વારા સૌ ભાવિક ભક્તોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# શ્રી રામ સેવા ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા આજે રામનવમીની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા. ૧૪

શ્રી રામ સેવા ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા રામનવમીની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ટ્રસ્ટ દ્વારા આ અંગેની માહિતી આપતાં જણાવવામાં આવ્યું છે કે શુક્રવારે સવારે રામનવમી ઉત્સવની ઉજવણી પ્રસંગે ૧૦ કલાકે અભિષેક, આરતી, પૂજા અને પ્રસાદ તથા સવારે ૧૧ કલાકે ધજા આરોહણનું આયોજન કરવામાં આવ્યું છે.

બપોરે ૨.૨૦થી ૫.૩૦ દરમ્યાન મા ભગવતી આનંદ ગરબા મંડળ તરફથી કમળાબેન સોલંકીના ગરબા, લીલાબેન તથા આર સી પરમારના પરિવાર તરફથી યોજવામાં આવ્યા છે.

સાંજે ૬.૩૦થી ૮.૩૦ કલાકે ભોજન પ્રસાદ તથા રાત્રે ૯થી ૧૧ દરમ્યાન ભજન સત્સંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

# શિવ ધનુષ રામને તોડા, મિલા ચંદ્ર ચકોર કા જોડા

## ગીત-સંગીતની દુનિયા

ભાર્ગવ હરનારાયણ ભટ્ટ

ફિલ્મ : રામરાજ્ય
વર્ષ : ૧૯૪૩
નિર્માતા : પ્રકાશ પિક્ચર્સ, વિજય ભટ્ટ
નિર્દેશક : વિજય ભટ્ટ
સંગીતકાર : શંકર રાવ વ્યાસ
ગીતકાર : રમેશ ગુપ્તા
મુખ્ય કલાકાર : શોભના સમર્થ, પ્રેમ અદિબ
સહાયક કલાકાર : અમીરબાઈ કર્ણાટકી, રંજના યશવંત, મધુસૂદન
ગાયક કલાકાર : અમીરબાઈ, સરસ્વતી રાણે, મન્ના ડે, રામ આપ્ટે, મધુસૂદન

ભારત કી એક સન્નારી કી હમ
કથા સુનાતે હૈં
હમ કથા સુનાતે હૈં
મિથિલા કી રાજકુમારી કી
હમ કથા સુનાતે હૈં
હમ કથા સુનાતે હૈં
શિવ ધનુષ રામને તોડા
મિલા ચંદ્ર ચકોર કા જોડા
જનકપુરી સે તોડા નાતા
અવધપુરી સે જોડા
કોમલ થી વો કલી
સુખો મેં પલી
બનોં મેં ચલી
બહુત દુખ પાઈ
સુનકર ઉનકી વ્યાથ
નયન ભર આતે હૈં
હમ કથા સુનાતે હૈં
હમ કથા સુનાતે હૈં
ભારત કી એક સન્નારી કી
રાવણ ને છલ કરી
સિયા કો હરિ
વિધિ કયા કરી
શોક મન પાયી
સીતા સીતા કરે
બિરહ મેં ઝરે
બનોં મેં ફિરે
નિકલ રઘુરાઈ
નિકલ રઘુરાઈ
પવનપુત્ર વહાં આયે
સુધિ કો ધાયે
યુક્તિ બહુ કિન્હી
સિયા સુધિ પાઈ
રામ કોપ કર બઢે
લંક પર ચઢે
ફૂંક દઈ લંકા
સિયા લૌટ આઈ
સિયા લૌય આઈ
જૈસે દિયે મેં તેલ
તેલ મેં બાટ
બાચ મેં તેજ પ્રકાશે
તસ રામ હૃદય મેં સિયા
સિયા હિય રામ હી ભાસે
કયા બિના પ્રાણ કે
અમર રહી કહીં દેહી
કયા યહી રામ દરબાર
કહાં વૈદેહી
કહાં વૈદેહી
કહાં વૈદેહી

(આ ગીતના ગાયક કલાકાર : રામ આપ્ટે અને મધુસૂદન)

'પ્રકાશ પિક્ચર્સ'ના બૅનર હેઠળ લગભગ પચાસથી વધુ ફિલ્મો બનાવવામાં આવેલી. પાંચ ફિલ્મો ગુજરાતી ભાષામાં અને બે ફિલ્મો મરાઠી ભાષામાં બનાવવામાં આવેલી. મહાન સંગીતકાર નૌશાદ અલી જ્યારે ફિલ્મ ક્ષેત્રે પા-પા પગલી ભરી રહ્યા હતા ત્યારે તેમની બીજી અને ત્રીજી ફિલ્મ પ્રકાશ પિક્ચર્સના બૅનર હેઠળની જ હતી. ૧૯૦૮માં પાલીતાણામાં જન્મેલા અને વિદેશની ભૂમિ પર ઈલેક્ટ્રીકલ ઍન્જિનીયરની ડિગ્રી મેળવી ભારત પરત આવેલા વિજય જગનેશ્વર ભટ્ટ મુંબઈમાં ફિલ્મ ક્ષેત્રે જોડાયા.

ગીતાના આરંભમાં જ કવિ રમેશ ગુપ્તા કહે છે કે..

ભારત કી એક સન્નારી કી
હમ કથા સુનાતે હૈં
મિથિલા કી રાજદુલારી કી
હમ કથા સુનાતે હૈં

રાજા જનકની પુત્રી સીતાના સ્વયંવરમાં પ્રભુ શ્રીરામ શિવ ધનુષની પ્રત્યંચા ચઢાવે છે કે જેથી શ્રીરામના સતી સીતા સાથે વિવાહ સંપન્ન થાય છે અને લગ્નના બંધનમાં જોડાઈને ભારતીય પરંપરા મુજબ શ્રી સીતાજી સાસરે જાય છે.

બાપને ઘેર દીકરી સુખ સાહ્યબીમાં ઉછરે પરંતુ સાસરે જઈ તે ચૌદ વર્ષના વનવાસમાં જાય છે અને અનેક પ્રકારનાં કષ્ટ સહન કરે છે, તેમના દુખ સાંભળી રડવું આવે છે. માતા સીતાના પુત્રો જ જ્યારે માની દુખભરી યાત્રા સંભારે છે ત્યારે તેમને વ્યથા જ થાય ને ?

કવિ રમેશ ગુપ્તા કથા ચલાવતાં આગળ કહે છે કે રાવણ છળકપટ કરી શ્રી સીતામાતાનું અપહરણ કરે છે. વિધિના કેવા લેખ છે, શ્રી સીતા માતા શોકાતુર બને છે. શ્રીરામ જંગલમાં સીતા-સીતા પોકારતા સતી સીતાને ગોતતા ફરે છે.

કષ્ટભંજન દેવ વાયુપુત્ર શ્રી હનુમાનજી અને પ્રભુ શ્રીરામનો મેળાપ થાય છે અને શ્રી સીતા માતાને ગોતતા-ગોતતા શ્રી હનુમાનજી ઠેઠ દક્ષિણમાં લંકા પહોંચે છે. પોતાની ચતુરાઈ વાપરીને સતી સીતાને મળે છે અને શ્રી સીતા માતાને સાંત્વના આપે છે.

પ્રભુ શ્રીરામ આગળ વધે છે અને લંકા પર આક્રમણ કરે છે, લંકાને જીતે છે અને શ્રી સીતાજીને માનભેર પાછા અયોધ્યા લાવે છે.

જે રીતે દીવામાં તેલ હોય છે અને તેમાં દીવો પ્રગટાવવાની વાટ હોય છે, જે વાટ પ્રજ્વલિત થાય છે તે જ રીતે શ્રીરામના હૃદયમાં સીતાજી છે.

હવે આગળ વધતાં લવ-કુશ બંને કહે છે કે અહીં આ યજ્ઞમાં શું છે ? શ્રી સતી સીતાની નિષ્પ્રાણ મૂર્તિ સામે જોઈ કહે છે કે સતી સીતા તો જીવિત છે. શું આ જ શ્રીરામની સભા છે ? અહીં વૈદેહી માતા એટલે કે સતી સીતા ક્યાં છે ?

